સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નિષ્ણાતોના ઉડે છે કાગડા રોજ થૂંકેલું ચાટે,
સરકારી મેટ્રો દોડે માત્ર પરિપત્રોને પાટે -
વાટેજૂથ-બંધીની ખરલમાં સૌ એકબીજાનું -
ને નિષ્પ્રાણ પક્ષની લાશ પર ગંગાજળ છાંટે...

હાઈકુ

બંધાયા ગઠ્ઠા -
કરાવો બાયપાસ -
દિલ્હીના દિલે...

રેટીના પર -
લ્યો! આવી ગ્યું લોહી -
ઈમેજ ઝાંખી...

ચિંતન

સદ્યં હૃદયં યસ્ય ભાષિતં સત્યભૂષિતમ્ ।
કાયઃ પરહિતે યસ્ય કાલસ્તસ્ય કરોતિ કિમ્ ॥

ઉપરોક્ત શ્લોક શ્રીસુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

જેનું હૃદય દયાળુ છે, વાણી સત્યથી શોભનારી છે અને શરીર બીજાના હિતમાં જોડાયેલું રહે છે, તેને કાળ-મૃત્યુ શું કરી શકે તેમ છે?

જે વ્યક્તિ સર્વપ્રાણી પ્રત્યે પ્રેમભાવ - દયાભાવ રાખે, કોઈ દિવસ કોઈને પણ કટુ વચન ન કહે નમ્ર-વિવેક સદ્‌ભાવ રાખે અને સામાજિક સેવામાં પોતાનું શરીર સમર્પણ કરે એ 'અમર' બની જાય છે એવી વ્યક્તિને મૃત્યુનો ભય હોતો જ નથી.

સુવિચાર

- નામ બડા કિસ કામ કા જો કામ કીસી કે ના આયે,
  સાગર સે નદિયાં ભલી જો સબ કી પ્યાસ બુઝાયે - **આર જે કાર્તિક**
- જયારે આપણને એમ લાગે કે આપણા બાપુજી જે કહેતા હતા તે સાચું હતું...
  ત્યાં સુધીમાં આપમે આપણા છોકરાવને ખોટા લાગવા લાગ્યા હોય - **નમ્રમુનિ મહારાજા સાહેબ**
- જેઓ પોતાના જ વિચારોને વખાણે અને બીજાઓના વિચારોની નિંદા કરે તેઓ
  કોઈ પ્રશ્ન હલ ન કરી શકે - **સુકૃતંગ**
- શાક ખારું લાગે તો જરૂરી નથી કે મીઠું વધારે પડી ગયું,
  કદાચ એ આપણી ગૃહલક્ષ્મીના આંસુ પણ હોઈ શકે છે - **જીજ્ઞેષ દાદા**
- સફળતાના દ્વાર ખોલવા હોય ત્યારે મુસીબતના દરવાજે ટકોરા તો મારવા જ પડે - **વોલ્ટ વ્હીટમેન**
- સહજપણે થતાં કાર્યોમાંથી શાંતિ અને આનંદ જન્મે છે,
  જયારે બળપૂર્વક જબરદસ્તી કરેલા કાર્યોમાંથી અશાંતિ જન્મે છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : બે ચમચી અજમો સેકી બે કપ પાણીમાં ચોવીસ કલાક પલાળી, તે પાણી નવશેકું અડધો કપ જેટલું સવાર-સાંજ પીવાથી ઊંચો રક્તચાપ નિયંત્રણ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકાની એક લેબોરેટરીમાં દરિયાઈ શાર્કના વર્તનનો અભ્યાસ કરવા માટે એક કાચની મોટી ટાંકી બનાવાઈ. તે ટાંકીમાં એક બેબી શાર્કને મૂકી. અને પછી તેમાં બીજી નાની માછલીઓ પણ તે ટાંકીમાં નાખી. બેબી શાર્ક પેલી નાની માછલીઓનો શિકાર કર્યો. હવે એક નવી ટાંકીમાં પાણી ભરી શાર્કને મૂકવામાં આવી. આ વખતે તે ટાંકીમાં બરાબર વચ્ચે એક ટૂટે નહીં તેવો મજબૂત પારદર્શક કાચ મૂક્યો. એક ભાગમાં આ શાર્ક અને બીજા ભાગમાં બીજી નાની માછલીઓ છોડવામાં આવી. શાર્કે જોયું અને તરત હુમલો કરવાનો પ્રયત્ન કર્યો. પણ કાચ હોવાથી અથડાઈ ને પાછા વળવું પડ્યું. ટાંકીના બીજા ભાગમાં ખોરાક હતો પણ ત્યાં સુધી પહોંચવાનું શક્ય નહતું. એકા કલાક એણે પ્રયત્ન કર્યા પછી તેણે હુમલા કરવાના પ્રયત્નો બંધ કર્યા. ત્યારબાદ આ પ્રયોગ અઠવાડિયા સુધી કરતાં એવું નોંધ્યું કે શાર્કે હુમલા કરવાના સદંતર બંધ કરી દીધા. હવે વૈજ્ઞાનિકોએ પ્રથમ પ્રયોગમાં વાપરેલી ટાંકીમાં આ શાર્કને મૂકી. અને સાથે જ બીજી નાની નાની માછલીઓને પણ મૂકી. હવે વચ્ચે કાચ ન હોવાથી શાર્કને શિકાર કરવાનું સરળ હતું. પણ અગાઉ મળેલી નિષ્ફળતાઓ બાદ તેણે માની લીધું હતું કે તે શિકાર સુધી પહોંચી નહીં શકે. આથી તેણે હુમલો કર્યો જ નહીં. આપણું વર્તન પણ શાર્ક જેવું હોય છે. જીવનમાં નિષ્ફળતા મળતા જ નાસીપાસ થઈ જઈએ છીએ અને હવે સફળ નહીં થઈ શકાય તેવું માનીને પ્રયત્નો છોડી દઈએ છીએ. સતત પ્રયત્નશીલ રહેવાથી સફળતા મળે જ છે.

નમસ્તે ટ્રમ્પમાં પ્રજા ઉદાસીન

તંત્રીસ્થાનેથી...

ફક્ત કોઈ એક માણસ અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ હોય એથી બાકીની દુનિયા એનાથી અભિભૂત થઈ મુજરા કરે, એ આ જમાનામાં શક્ય નથી. એક જોણું સમજીને લાવવા-લઈ જવાની સરકારી સુવિધા તથા આદેશને સ્વીકારી ટોળાં જરૂર કરી શકાય. એ સિવાય ટ્રમ્પ કોઈ વિશ્વ વિભૂતિ કે મહાનાયક નથી કે એમનાં દર્શન કરવા પ્રજાજનો કામધંધો છોડીને મોટેરા સ્ટેડિયમ પહોંચે કે રસ્તામાં લાઈન લગાવીને ઊભા રહે. કેનેડી અને ઓબામાની સરખામણીએ ટ્રમ્પની છાપ ખુદ એમનાં દેશમાં પણ માથાફરેલ ધનકુબેરની જ છે. એમના નેતૃત્વ હેઠલ અમેરિકાને ગૌરવ લાગતું હોય એવું નથી, પણ લોકશાહી પદ્ધતિથી બહુમતીથી ચૂંટાઈ આવેલા રાષ્ટ્રપ્રમુખને માન આપવું પડે એ રૂએ અમેરિકાની શિસ્તબદ્ધ પ્રજાએ મહાશયને માથે ચડાવીને જીવે છે. ગોરા-કાળાના ભેદભાવની રાજનીતિ ટ્રમ્પને ફળી હતી પરંતુ એ માત્ર બે ટર્મ ભોગવી નિવૃત્ત થયેલા કાળા રાષ્ટ્રપ્રમુખના વિકલ્પે, વંશીય મુદ્દા લેખે. એ પછી ટ્રમ્પની કામગીરીમાં એવું કંઈ જ વિશિષ્ટ નથી જોવા મળ્યું જેથી અમેરિકન મતદાતાઓ એમને બીજી ટર્મ આપવા ઉત્સુક હોય. ટ્રમ્પે દુનિયા પ્રત્યેની અમેરિકાની ઉદાર નીતિનો લોપ કરી વિકસતા દેશો માટેની આર્થિક રાહતો ખતમ કરવાનું પગલું ભર્યું અને 'અમેરિકા ફર્સ્ટ'નો મંત્ર આપ્યો, તે એમનો રાષ્ટ્રવાદ વખત પૂરતો યુવા વર્ગને રાજગારીના મુદ્દે જરૂર આકર્ષી શક્યું છે, પરંતુ બહારના દેશોથી આવી અમેરિકામાં રોજીરોટી રળનારા ઘણા મોટા સમુદાય માટે ટ્રમ્પની નવી નીતિ પીડાદાયક બની રહી છે. ચીન સાથે શિંગડાં ભરાવવાની નવી ફૂટનીતિ એમના રાષ્ટ્રવાદની જ ફલશ્રુતિ છે. ઈસ્લામિક રાષ્ટ્રો સાથે ટ્રમ્પે અમેરિકાને અનુકૂળ આવે એવો વ્યવહાર શરૂ કર્યો છે. ઈરાન સામે બાથ ભીડીને પોતે પણ સદ્દામ હુસેન કે કર્નલ ગદ્દાફી કરતાં વધારે ખતરનાક એવા વૈશ્વિક આતંકવાદી અબુ બકરને ઝબ્બે કરવાનો જશ લીધો અને આઈએસ - ઈસ્લામિક સ્ટેટના વધતા પ્રભાવને કચડી નાખ્યો - એ મુદ્દે અમેરિકન પ્રજામાં 'હીરો' બની જવા પ્રયાસ કર્યો છે. જો કે નરેન્દ્ર મોદી જેવી લોકપ્રિયતા કે વાણી એમની પાસે નથી. જ્ઞાન તો નથી જ નથી. પરંતુ વ્યૂહાત્મક દૃષ્ટિએ યુનાઈટેડ સ્ટેટ્સમાં વસતા ભારતીયોનો ટેકો મળી રહે એ માટે તેઓએ મોદી સાથેની તથાકથિત 'દોસ્તી' વટાવવા માટે ભારતમાં પોતાના અભિવાદનનો કાર્યક્રમ રખાવ્યો લાગે છે. કરોડોનું આધણ કરીને એક વિદેશી સત્તાના વડાનો કૃત્રિમ અભિવાદન સમારોહ કરવો એ આપણા રાષ્ટ્રીય નેતાઓની મજબૂરી છે. ટ્રમ્પ નહોતા ત્યારે મોદી તત્કાલીન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ઓબામાને તો નામજોગ સંબોધવા સુધીની ચેષ્ટા કરી દોસ્તીનો દાવો કરતા રહેલા. 'હાઉડી મોદી' ના અમેરિકન કાર્યક્રમનું સાટું વાળવા ટ્રમ્પને અમદાવાદ અને આગ્રામાં શાહી મહેમાનગતિ કરાવ્યા પછી પણ જો વ્યાપાર અને વિદેશનીતિ સંદર્ભે એમરિકાની સંકુચિત નીતિ અકબંધ રહેશે તો જે કાર્યક્રમ પાછળ સરકાર છેલ્લા મહિનાઓથી ઉજાગરા કરતી રહી છે અને છતાં કાર્યક્રમના આયોજન મુદ્દે ફોડ નથી પાડી શકી તે ભારતીય જનતા પાર્ટી અને એની સરકાર માટે બૂમરેંગ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

મઝા લેવાની હોય !

આરપાર
રાઘવજી માધડ

ગરવા ગિરનારની ગોદમાં ભારે ભીડ હતી.માનવ મહેરામણ કીડીયારાની જેમ ઉભરાયું હતું. હૈયે હૈયું દળાતું હતું.ગોકીરો પણ ગજબનો હતો.તેમાંથી કોઈનો પરિચત અવાજ કાનને ઘચરકો કરી ગયું ને પગ થંભી ગયા. જોયુંતો આધેડવયની એક સ્ત્રી,નેણની ઢીંગલીઓ નચાવતી સામે ઉભી હતી.અણસાર ઉઘડે એ પહેલા જ બોલી ગઈ: 'ઓળખી ગઈને...'સહજે મોં મચકોડીને આગળ બોલી:'મેં તો ક્યારનાય ઓળખી લીધા છે !'આ વેણ છાતીમાં રીતસર વાગ્યું.પણ આવું કહેનારતો લોહીના લેણિયાત સિવાય બીજું કોણ હોઈ શકે ! મેં કહ્યું :'તું હજુય એવીને એવી જ રહી !' તે સામે કાંઈ કહેવા જતી હતી પણ અબોલ રહી હતી.

વરસો પછી આ મેળામાં પગ મુક્યો હતો.લગભગ નેવુંના દાયકામાં અહીં ભીડના લીધે હૈયારખી તૂટી હતી,માણસો મર્યા હતા...પછી જીવ ઉઠીને રુઠી ગયો હતો.પણ કોઈ કારણોવશ જીવ ઝાલ્યો રહ્યો નહીં ને આવી ગયો હતો. પણ જેની સાથે ઉઘડતી ઉંમરમાં રમ્યાંને રઝળ્યાં હતાં તે ઉજમ મળી ગઈ હતી.

ત્યાં પાછળથી ધક્કો આવ્યો હતો ને અમે એકબાજુ હડસેલાયાં પછી એકબીજા સામે જોતાં રહ્યાં હતાં. અને આંખોએ ઘણી અણકહી કે વણદીઠી વાતોનો હિસાબ કિતાબ કરી લીધો હતો.

મેળો એટલે માણસ મેળે મેળે આવે અને મેળે મેળે જાય એનું નામ મેળો ! ગુજરાતના ઉરપ્રદેશ પર વિશ્વ વિખ્યાત બે મેળાઓ અંકિત થયેલા છે.એક પ્રેમ,કળા ને ભાતીગળ સંસ્કૃતિનો તરણેતરનો મેળો અને બીજો ભાવ,ભક્તિ અને આધ્યાત્મિકતાનો શિવરાત્રીનો મેળો.ભજન અને ભોજન,દત્ત અને દત્તાત્રેય, શિવ અને જીવ એકત્વનો મેળો એટલે ભવનાથમાં ભરાતો શિવરાત્રીનો મેળો.જે હવેતો મીનીકુંભમેળા તરીકે સંપન્ન થયો હતો. અનેક અખાડાઓ વચ્ચે કિન્નરનો અખાડો પણ ગૌરવ સાથે સ્થાન પામ્યો હતો.

મેળાના રૂપ-રંગ બદલાઈ ગયા હતા.વધારે પડતી આળપંપાળના લીધે અસલિયત ગુમાવી બેઠો હોય એવું લાગતું હતું.કોઈજાત એવી જાહેરાત કે ગુણગાન ગાયા વગર અસરકારી હોવો જોઈએ તેના બદલે સરકારી હોય એવો ભાસ થતો હતો, ભાવ ઉપસતો હતો. ખબર નહીં પણ જેના લીધે જીવ ચોંટતો નહોતો.

મેં મોં બગડતા કહ્યું:'ઉજમ ! મઝા નથી આવતી...' તે મારા મનોભાવને ફંફોસતી સામે જોતી રહી. પછી ભીંસ દઈને કહે:'મઝા આવે ક્યાંથી ઈ મને કહે !?'પછી રડમસ સ્વરે કહે:'પંડ્યમાં પાર વગરના ઘાવ છે, પોટલું બંધાય એટલી પીડા છે...'તે આગળ બોલી શકી નહીં અને આંખો ડબડબવા લાગી.

'મઝા તો જાતે લેવાની હોય મારા વા'લા !' પછી મારું બાવડું કહે :'મઝા લેવી છે ને, હાલ્ય...'

પછી તો ઢોલના તાલે રમાતા રાસ પાસે લઈ આવીને કહે:'રાસડામાં ઘુમરીયું મારીએ...!'

આવો, માતૃભાષાના મહોત્સવને ઉજવીએ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

હમણા બે દિવસ પહેલા જ... એટલે કે ૨૧, ફેબ્રુઆરીએ સૌએ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવ્યો, આજે માતૃભાષાનું મહત્વ ખુબ વધ્યું છે. કેમ કે કોઈપણ રાજ્ય કે પ્રદેશની સંસ્કૃતિ એની માતૃભાષા થકી જીવિત રહેતી હોય છે. એમાં રચાતું સાહિત્ય તત્કાલીન સમાજની છવિ દર્શાવતું હોય છે. માતૃભાષામાં જ સમયના અનેક વહેણો સચવાયેલા રહે છે.

ગુજરાતી આપણી માતૃભાષા છે અને આપણને સૌને ગુજરાતી બોલવું વાંચવું ગમે છે. ગુજરાતી હોવાનું ગૌરવ આપણને સૌને છે. કેમ કે આપણા સૌના સંસ્કાર, વિચાર, આચાર સઘળું ગુજરાતી છે. આપણે જે દેશ્યો કે સપના જોઈએ છીએ તે ગુજરાતી છે. આપણે જે કાન દ્વારા સાંભળીએ છીએ તેનો પ્રથમ અર્થ ગુજરાતી જ હોય છે. આપણને કોઈ સ્પર્શ કરે તો એની અનુભૂતિ પણ ગુજરાતી જ થાય છે. અને આપણે ય સૌને ગુજરાતી જ સ્પર્શ કરીએ છીએ. આપણી આસપાસની કે દૂર દૂરની દુનિયા પણ ગુજરાતી જ છે. આપણને આ પૃથ્વી, આકાશ, ચન્દ્ર, સૂર્ય, તારાઓ, અંધકાર, વરસાદ, પાણી, હવા, ગ્રહો, દેવી-દેવતા, અને આખું બ્રહ્માંડ... બધુ જ ગુજરાતી જ લાગે છે. કેમ કે આપણી નશોમાં જે લાલ રક્ત વહે છે તે પણ ગુજરાતી છે.

મિત્રો, ખરેખર આ ''ગુજરાતી'' શું છે ? એ આપણે સમજીએ છીએ ખરા ? એને આપણે માત્ર ભાષાના અર્થમાં બાંધી દઈને એના અર્થને સીમિત તો નહી બનાવી રહ્યા ને ? યુગો પહેલા ગૂર્જરધરા પર વસવાટ કરનાર આર્યો અને એ ધરતીના હવા પાણીના સંસ્કાર શ્વાસમાં વણીને જીવતા આપણે ગૂર્જરવાસી – ગુજરાતી થયા આપણા સંસ્કારથી, આપણા સૌનું ડીએનએ ગુજરાતી છે. ભાષા તો આપણા રોજિંદા વ્યવહારનો એકમાત્ર ભાગ છે. વિચાર, સંસ્કાર, નીતિ, રીતિ આ બધુ સુયોગ્ય રીતે મળે છે ત્યારે ગુજરાતી બને છે. એ જ છે ગુજરાતીનું ગૌરવગાન.

માનવજાતના સ્વભાવની જેમ ધરતીના પ્રત્યેક ભૂભાગનો, ત્યાંની પ્રકૃતિનો પણ એક સ્વભાવ હોય છે. એવી રીતે આપણી આ ધરતી પણ યુગો પહેલા આપણા પ્રદાદાઓના પ્રદાદાઓ અને એમના યે પૂર્વજો જ્યારે સભ્ય માનવસંસ્કૃતિમાં પ્રવેશ્યા ત્યારથી આ ધરાની એક આગવી ઓળખ બની છે. અને એ ઓળખ આજે આખા વિશ્વમાં ગુજરાતી તરીકે પ્રસરી છે.

ભાષાની રીતે પણ ગુજરાતી ગૌરવશીલ છે. કેમ કે સંસ્કૃત, હિંદી, ફારસી, પર્સિયન અને ઉર્દૂની જેમ ગુજરાતી ભાષા પણ પૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે. એના ઉચ્ચારણોથી સકારાત્મક પ્રભાવ આપણા શરીરના આરોગ્ય ઉપર પડે છે. વિશ્વની મહાન ભાષાઓમાં જેને મૂકી શકાય એવી ગુજરાતી ભાષાનું સાહિત્ય પણ વિશ્વની પ્રત્યેક ભાષામાં પહોંચ્યું છે. એ જ આપણી ભાષાની સિદ્ધિ અને ગરિમા બતાવે છે. પરંતુ આજે આપણી ગુજરાતી ભાષા અને બીજી પ્રાંતિય ભાષાઓ લૂપ્ત થઇ રહી છે. અંગ્રેજીના આક્રમણની સામે માતૃભાષાના અસ્તિત્વને ખતરો છે. આવી બધી વાતો ખાનગી અને સરકારી રીતે વર્ષોથી થઇ રહી છે અને થતી રહેશે. કેમ કે એનાથી બીજા ઘણા રાજકીય લાભો લેવાતા હોય છે. પણ જેના ભાષકો છ કરોડથી યે વધુ હોય, જે ભાષામાં ભગવતગોમંડળથી લઈને બીજા અનેક દળદાર શબ્દકોશો હોય, જે ભાષાના ૬૦૦ વર્ષ પહેલાના આદ્યકવિ નરસિંહ મહેતાના પદો, ભજનો ઉપર વિદેશી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી થતા હોય, જે ભાષામાં એક તરફ નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મુનશી, પન્નાલાલ, રમેશ પારેખ, રાજેન્દ્ર શુકલ જેવા અનેક ઉત્તમ સર્જકો હોય એ ભાષાના અસ્તિત્વને કોઈ આંચ આવવાની નથી. વ્યવહારમાં વપરાતી પ્રવાહી ભાષા હંમેશાં સમૃદ્ધ થતી હોય છે. કેમ કે જે તે ભાષાના ભાષકો અનેક પ્રદેશોમાં વેપારાર્થે, વ્યવહારાર્થે કે સામાજિક કારણે અન્ય ભાષી પ્રદેશોમાં જતા – આવતા હોય છે તેથી અનેક નવા શબ્દો આપણી ભાષામાં પ્રવેશીને સ્થાયી થયા છે. આપણા પોતિકા બની ગયા છે.

ભાષા તો ધસમસતી વહેતી નિર્મળ નદી જેવી છે. જે અનેક અંતરાયો પાર કરીને વિશાળ જનસમૂદાયના મહાસાગરમાં ભળી જતી હોય છે. પરંતુ આજે ભાષા સંદર્ભે ભય ઊભો કરવામાં આવે છે. ભાષાને ધીમે ધીમે રાજકીય રંગે રંગવાના પ્રયત્ન થઇ રહ્યા છે. આપણી ગુજરાતી ભાષા એકદમ યુવાન, સુંદર, તરોતાજા અને સ્વસ્થ હોવા છતાંય ઘણા વિદ્વાનો ભાષા માંદી પડી છે. ભાષા મરી રહી છે, લૂપ્ત થઇ રહી છે એવા વિધાનો જાહેરમાં કરીને ભાષા સંદર્ભે ભય ઉભો કરે છે. કોઇને માતૃભાષામાં અનેક રહસ્યો લાગે છે. કોઇ કહે છે કે ''ળ'' અને ''ણ'' લૂપ્ત થઇ જશે. કોઇને પરભાષાના શબ્દો સામે વિરોધ છે આવા લોકો માને છે કે પરભાષાના શબ્દો આપણી ભાષામાં ઘર કરી ગયા છે. તો કોઇને જુદી જુદી રીતે ઉચ્ચારાતી બોલીઓ સામે પ્રશ્નો છે. પરંતુ ભાષા એ કાંઇ કોઇની જાગીર નથી કે કોઇની સીમિત સમજણને આધીન નથી. ભાષા સંદર્ભે જાહેરમાં વિધાનો કે વિરોધ કરવા માટે એક પ્રકારની ભાષાકીય સજ્જતા અને વૈશ્વિક ભાષાઓના સંપૂર્ણ જ્ઞાનથી સજ્જ પણ હોવું જરૂરી છે. માત્ર વિધાનો કરી દેવાથી તો આપણે જ આપણી માતૃભાષાનું ગૌરવ ઓછું કરીએ છીએ. ભાષા એ કાંઇ શબ્દોનું સીમિત સરોવર નથી. ધસમસતી વહેતી નદીનો પ્રવાહ છે.

આજે માતૃભાષાને લઇને અનેક સંગઠનો, સંસ્થાઓ દ્વારા સંશોધનો, પ્રવૃત્તિઓ, મેળાવડાઓ, અભિયાનો, કાર્યક્રમો થાય છે. તે આમ જોઇએ તો સારી વાત છે આ જ બધુ ભાષાની સમૃદ્ધિ બતાવે છે. ભાષાનો મહિમા થવો જ જોઇએ. પરંતુ એક પ્રશ્ન એ પણ થાય છે કે શું આમ જ ભાષા જીવે છે ? આપણે સ્વતંત્ર થયાને તો હજી માંડ ૭૦ વર્ષ થયા છે તે અગાઉ અંગ્રેજો અને મોગલોનું રાજ હોવા છતાય ૬૦૦ વર્ષથી બોલાતી – લખાતી આપણી ગુજરાતી ભાષા લૂપ્ત થઇ નથી. માંદી પડી નથી. તો હવે તો ઇન્ટરનેટના આ હાઇટેક યુગમાં આપણી ભાષા કેવી રીતે લૂપ્ત થાય ? આજે તો ભાષા સાચવવાના, વિકાસ કરવાના અનેક સંશાધનો છે. જ્ઞાન પ્રાપ્તિના અનેક ઉચ્ચ વિકલ્પો છે. સર્જન કરવાના અનેક સંકલ્પો, સવલતો અને સજ્જતા છે. તો ભાષાને કેવી રીતે કંઇ થાય ? વળી ભાષા એટલે શું ? એની સમજની પણ ગેરસમજો પ્રવર્તે છે. ક્યાંક ભાષાને નામે માત્ર મુશાયરાઓ, કવિસંમેલનો જ થયા કરે છે તો ક્યાંક માત્ર નાટકો જ ભજવાય છે ક્યાંક માત્ર વ્યાકરણને જ ભાષા માની લેવામાં આવે છે. તો વળે ક્યાંક યુનિવર્સિટીઓમાં માત્ર ભાષાવિજ્ઞાનને જ ભાષા માની લેવામાં આવે છે. શું આ બધી વિવિધ સંકૂચિતતા યોગ્ય છે ખરી ? શું એવું નથી લાગતું કે આપણે જ આપણી માતૃભાષાના સૌન્દર્યને સીમિત બનાવી રહ્યા છીએ. આજે એકપણ સંસ્થા, સંગઠન કે કૉલેજ કે યુનિવર્સિટીઓ એવા નથી કે ભાષાના તમામ પાસાઓ પર કામ કરતા હોય.

ભાષાશુદ્ધિ માટે વ્યાકરણ જેટલું જરૂરી છે એટલું જ ભાષાની અનુભૂતિ કેળવવા માટે પદ્યનું કે ગદ્યનું સર્જન અને એની સમજણ પણ મહત્વના છે. આપણે જ્યારે ભાષાના અસ્તિત્વની વાત કરીએ છીએ ત્યારે જે ભાષા બોલાય છે માત્ર તેની વાત નથી કરતા. પણ જે બોલાય છે, લખાય છે એની પણ વાત કરીએ છીએ. તો જે લખાય છે છપાય છે એ તો સાહિત્ય છે. જેમાં કવિતા, વાર્તા, નાટક, નવલકથા, વિવેચન આ બધુ આવે છે અને આ બધાને કારણે જ ભાષાનો આત્મા સુશોભિત રહે છે. ભાષાશુદ્ધિ હશે પણ એમાં રહેલો વિચાર કે સંવેદના મલિન હશે તો ? ભાષાનું સર્જનાત્મકરૂપ જ ભાષાને સાચું ગૌરવ અર્પે છે. વિશ્વ સમક્ષ ભાષાની ઓળખ - પ્રતિષ્ઠા વ્યાકરણથી નહી અપિતુ એમાં સર્જાતાં સાહિત્યથી બને છે. આપણી ભાષામાં એવા અનેક મહાન સર્જકો - કવિઓ છે જેમને પૂરતું વ્યાકરણ નથી આવડતું પણ સર્જક તરીકે તેમનું સર્જન અનેક ભાષાઓમાં પોખાયું છે. સ્વીકારાયું છે. પરંતુ આપણે ત્યાં માત્ર ભાષાશુદ્ધિને જ '' ગુજરાતી માતૃભાષા '' માની લેવામાં આવે છે. ભાષાશુદ્ધિ અવશ્ય જરૂરી છે જ. એનાથી ભાષાની અર્થસમૃદ્ધિ સૌદર્યવાન રહે છે. પરંતુ આપણે માતૃભાષાનું ગૌરવ વધારવા એના વ્યાપને, એના ઊંડાણને સમજીને એને વિસ્તારવી પડશે. કેમ કે માતૃભાષા દરેક ક્ષેત્રમાં ઉપયોગી છે. સાહિત્યિક રીતે, સામાજિક રીતે બોલાતી ભાષા, વેપાર ઉદ્યોગની

અનુસંધાન પાના નં ૭ પર

શાળા-કૉલેજમાં શૈક્ષણિક પ્રવાસો બંધ કેમ થઈ ગયા?

રંગ-ઉમંગ
કાનન ઓઝા

શાળા-કૉલેજો દ્વારા થતા શૈક્ષણિક પ્રવાસોનું મહત્ત્વ વિદ્યાર્થી વિકાસ માટે આંકીએ એટલું ઓછું છે. વિદ્યારઅથીના સર્વાગી વિકાસમાં મિત્રો સાથે - સ્વતંત્રતા સાથે કરેલા પ્રવાસ અગત્યનો ભાગ ભજવે છે. દસ-બાર દિવસના માત્ર બે પ્રવાસ વિદ્યાર્થીના વાણી-વર્તન અને વિચારોમાં પરિવર્તન લાવી દે છે. આ પરિવર્તન તેને સાહજિક અને સાહસિક જીવન જીવવામાં મદદરુપ થાય છે. નેતૃત્વના પાઠો તેમજ વિવિધ પરિસ્થિતિમાં નિર્ણય લેવાની શક્તિનો વિકાસ શાળા-કોલેજોના પ્રવાસ દ્વારા જ શક્ય છે. વિદ્યાર્થીઓ જોઈ-જાણી - અનુભવીને શિક્ષણ મેળવે તે ઉપરાંત આનંદ સાથે મિત્રો સાથે હળીમળીને રહે, એકબીજાની મુશ્કેલીઓને જાણે - મદદરુપ થાય. જાતે ખરીદે-જાતે નિર્ણય લે. એમાં છેતરાશે તો પણ ભવિષ્યના જીવન માટે ફાયદાકારક જ બનશે. સવારે જાતે વહેલા ઊઠવું - તૈયાર થવું - સમયસર કામ આટોપી લેવા - સારી નરસી પરિસ્થિતિને સમાન રીતે સ્વીકારવી જેવી અનેક બાબતો શીખવા મળે છે. મા-બાપ સાથે કરેલ પ્રવાસ અને શાળા - કૉલેજોના મિત્રો-શિક્ષકો સાથે કરેલ પ્રવાસમાં આસમાન જમીનનો ફેર પડે છે. વિદ્યાર્થીકાળમાં પ્રવાસનું શું મહત્ત્વ છે તે સૌ જાણે અને સમજે છે. માટે જ શાળા - કૉલેજો કેટલુંક જોખમ લઈને - સખત મહેનત કરીને વેકેશનનો ભોગ આપીને પણ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરતી હતી. અમદાવાદની ઉસ્માનપુરા વિસ્તારની શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ તેના શૈક્ષણિક પ્રવાસ માટે તો એટલી પ્રખ્યાત હતી કે, કેટલાક વિદ્યાર્થીઓ તો શૈક્ષણિક પ્રવાસને કારણે તે શાળામાં પ્રવેશ લેતા હતા ! અહીં પ્રવશ મેળવેલ વિદ્યાર્થી ધોરણ બાર પાસ કરીને શાળા છોડે ત્યારે મોટાભાગનું ભારત દર્શન કરીને જ નીકળતો. પરંતુ હમણાં કેટલાંક વર્ષોથી શાળા-કૉલેજોમાંથી પ્રવાસો અદૃશ્ય થઈ ગયા છે. આ પ્રવાસો બંધ થવા પાછળના કારણોમાં મારી દૃષ્ટિએ વાલી અને સરકાર છે. જેમાં વાલીનો દોષ વધુ જણાય છે.

શાળા-કૉલેજો દ્વારા પ્રવાસનું આયોજન થાય છે ત્યારે મોટાભાગે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ કે વાલીના વિચારોને સાથે લઈને જ આયોજન થતું હોય છે. શિક્ષકો તનતોડ મહેનત કરીને આયોજનમાં એક-બે માસ પહેલાંથી જ લાગી જાય છે. રેલવે દ્વારા દિવાળીમાં આપણને બે ટીકીટ પણ ન મળતી હોય તેવા સંજોગોમાં શિક્ષકો પચાસથી સો જેટલી ટીકીટો મેળવે છે! આયોજન એ રીતે કરવામાં આવતું હોય છે કે, જેમાં વિદ્યાર્થીને ખર્ચ ઓછામાં ઓછો થાય છે અને વધુમાં વધુ શીખવા - જોવા - જાણવા મળે. પ્રવાસમાં જનાર શિક્ષકોની સમિતિઓ રચાય, દરેક શિક્ષક પોતાના ભાગે આવેલ જવાબદારી ઘરના કામ છોડીને પણ બજાવે. શાળા પોતે આયોજન કરતી હોય તો શિક્ષકો જ તેલ-મરચું - કોલસા ખરીદવા જાય. પોતાના ખિસ્સામાંથી પણ કેટલોક ખર્ચ કરીને પણ વિદ્યાર્થીઓના ફાયદામાં નિર્ણય લે. દીવાળીના તહેવારોમાં પોતાની પત્ની અને બાળકોને મૂકીને પણ પોતે ફરવા નહીં પણ ફરજ બજાવવા જાય. પ્રવાસ દરમિયાન પોતે ઊંઘે નહીં પણ વિદ્યાર્થીને આરામથી સૂવડાવે, રાત્રે કોઈ વિદ્યાર્થીને ઓઢ્યું ન હોય તો ઓઢાડે, પહેલાં વિદ્યાર્થીને જમાડે પછી પોતે જમે. જમવાનું ખૂટે તો પણ હસતાં મોઢે ચલાવી લે. જોખમકારક જગ્યા પર પહેલાં પોતે જાય પછી યોગ્ય લાગે તો વિદ્યાર્થીઓને લઈ જાય. વિદ્યાર્થીને કયારેક જોખમભરી પરિસ્થિતિમાં ન મૂકે. હા, પોતે જોખમમાં જીવતો હોય છે. પ્રવાસમાં ઓછામાં ઓછી મુશ્કલી અને વધુમાં વધુ આનંદ માટે મથામણ કરતા શિક્ષકોને પ્રવાસના અંતે આત્મસંતોષ સિવાય કશું જ મળતું હોતું નથી. હા, મોટાભાગના વાલી આવું કરતા નથી, પણ અણસમજું, પ્રવાસનો જેને અનુભવ ન હોય તેવા ખૂબ જ થોડા વાલીઓની ઉગ્રતા અને જશને બદલે જાકારો આપવાની ભાવના શિક્ષકના દિલને હચમચાવી મૂકે છે. ત્યારે શિક્ષક વિચારે છે કે એમ આટઆટલું કોના માટે કર્યું ? શા માટે કર્યું ? અંતે જો અપજશ ન મળવાનો હોય અને માનસિક તાણ અનુભવવાની હોય તો શાળા-કૉલેજોના પ્રવાસ કરતાં કુટુંબ સાથે પ્રવાસ કેમ ન કરવો ?

પ્રવાસ દરમિયાન હજાર નિર્ણય લેવાના આવે, જેમાંથી પાંચ સાત નિર્ણય ખોટા પણ લેવાઈ જાય જે સ્વાભાવિક બાબત છે. જેને આજનો વાલી સ્વીકારી શકતો નથી. પોતાના બાળકની સારસંભાળ લેવાનું સૂચન કરતા આજના કેટલાક વાલી બાળકને પ્રવાસ ઉપડવાના સ્થાને સમયસર મૂકવા કે લેવા પણ આવી શકતા નથી. પ્રવાસ આવી ગયા પછી પણ શિક્ષકે ફોન કરીને વાલીને બોલાવવા પડે કે વિદ્યાર્થીને તેના ઘરે મૂકવા જવું પડે ! કયારેક તો વાલી શિક્ષકને આવકાર પણ ન આપે. શિક્ષકને સેલ્સમેનની જેમ જૂએ ! ઉપરાંત બિચારા શિક્ષકે મજૂરની જેમ કામ કર્યું હોય, શારીરિક રીતે અશક્ત વિદ્યાર્થીનો સામાન પણ ઉપાડ્યો હોત, ખરીદી કરવા રીક્ષામાં ન જતાં કયારેક ચાલીને ગયો હોય કે જેથી વિદ્યાર્થીઓના પૈસા બચે, છતાં કોઈ વાલી ભ્રષ્ટાચારનો આક્ષેપ કરે ત્યારે આ શિક્ષકોને કેવો અને કેટલો આઘાત લાગતો હશે ? કયારેક કોન્ટ્રાક્ટ પદ્ધતિથી પ્રવાસ ટ્ર